શહેર-જિલ્લામાં કોરોનાના કેસ એક હજારને પાર

ગાંધીનગર શહેર, ગાંધીનગર તાલુકો અને કલોલના કેસો પણ ૩૦૦ને પાર જ્યારે માણસા અને દહેગામમાં ૧૦૦ની નજીક

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર શહેર અને જિલ્લામાં થઈ કોરોનાના કેસોની સંખ્યા એક હજારને પાર કરતાં જ લોકોમાં ચિંતાની લાગણી વધી જવા પામી છે. શહેર-જિલ્લામાં કોરોનાના થતા ટેસ્ટ તેમજ દર્દીઓની સ્થિતિ અંગે પણ તંત્ર દ્વારા મૌન ધારણ કરવામાં આવ્યુ છે. શહેર અને જિલ્લામાં વધતા જતા સંક્રમણના કેસો માટે નિમાયેલ અધિકારીઓ દ્વારા વારંવાર સમીક્ષા કરવામાં આવે છે પરંતુ જિલ્લામાં કોમ્યુનીટી ટ્રાન્સમિશન થયાનો ખુલ્લો સ્વીકાર તંત્ર દ્વારા કરવામાં આવતો નથી.

જિલ્લામાં અને શહેરમાં રિકવરી રેટ સારો હોવાનું તંત્રના સૂત્રો જણાવી રહ્યા છે પરંતુ ગાંધીનગર શહેર, ગાંધીનગર ગ્રામ્ય અને કલોલના કેસો ૩૦૦ના આંકને પાર કરી ગયા છે. માણસા અને દહેગામમાં પણ ધીમી ગતિએ કેસોની સંખ્યા ૧૦૦ની નજીક પહોંચી રહી છે ત્યારે તંત્ર દ્વારા પણ કેટલાક કડક નિર્ણયો લેવામાં આવે તેવા સંકેતો મળી રહ્યા છે.

કેસોની સંખ્યા વધી રહી છે ત્યારે શહેરમાં અને ગ્રામ્યવિસ્તારમાં કેટલા કન્ટેનમેન્ટ ઝોન છે તેને લઈ પણ તંત્ર દ્વારા વિગતો છુપાવવામાં આવી રહી છે, આથી લોકોની ચિંતામાં વધારો થવા પામ્યો છે.

વાત ગાંધીનગરની

સોમવાર એટલે સરકારી કચેરીઓમાં ધમધમાટ અને વેપારીઓ માટે ઉઘરાણીના આરંભનો દિવસ. પણ સરવાળે બે દિવસના વિરામ બાદ શહેર પુનઃ ધમધમતુ લાગ્યું.

મુલાકાતીઓ વિના મંત્રીઓ સુના

રાજ્યભરમાં કોરોના સંક્રમણથી સન્નાટો વ્યાપી ગયો છે. વેપાર-ધંધા આંશિક ચાલે છે પરંતુ સરકારી કામે સચિવાલય આવવાનું કાર્યકરો ટાળે છે. મુલાકાતીઓથી ધમધમતા સ્વર્ણિમ સંકુલમાં મંત્રીઓની ચેમ્બરો ખાલીખમ વર્તાય છે. માત્ર જરૂરી કામ માટે અધિકારીઓની જ અવરજવર હોય છે બાકી કાર્યકરોના ધાડેધાડા ક્યાંય જોવા મળતા નથી.

શહેરમાં કેસ વધતા ગભરાટ વધ્યો

કોરોનાના વધતા સંક્રમણના પગલે સેક્ટરોમાં અને ચોકઠાઓમાં ગભરાટ જોવા મળ્યો છે. માસ્ક વગર ટહેલતા નાગરીકો હવે જડબેસલાક માસ્ક લગાવીને ફરે છે અને મોટો વર્ગ ઘરની બહાર નીકળવાનું ટાળે છે. આગામી એક અઠવાડિયુ સંક્રમણ ટોચે જવાની શક્યતાએ સૌને ફફડાવી દીધા છે કારણ કે રોજના આઠ-દસ કેસોમાંથી આંકડો ૪૦-૪૫ પર પહોંચવા માંડ્યો છે અને ક્યાં જઈ અટકશે તેની ચિંતા દરેકના ચહેરા ઉપર અંકિત થાય છે.

સમયોચિત-ઉપયોગી પ્રકાશનો...

માહિતી વિભાગ પ્રસંગોપાત વૈવિધ્યપૂર્ણ પ્રકાશનો કરે છે એ તો સ્વાભાવિક છે પરંતુ રાજ્યભરમાં જ્યારે વૈશ્વિક મહામારી કોરોનાના વધતા સંક્રમણ વચ્ચે પ્રજાના મનમાં ઉગતા સવાલોના તજજ્ઞો દ્વારા અપાયેલા જવાબો ખૂબ જ ઉપયોગી નિવડે એવા છે. જેના કારણે પ્રજાને મહામારીમાં સીધુ માર્ગદર્શન મળે તેવું આ પ્રકાશન લાભદાયી બની રહેશે.

કોરોના કાળમાં ગાડીઓનું બજાર પૂરપાટ દોડે છે

અનલોક-૧ અને અનલોક-૨ માં બજારમાં હજુ વેપાર-ધંધો ૨૫ થી ૩૦ ટકા જ હોવાની બુમાબુમ વેપારીઓ કરતા હોય છે. પરંતુ શહેરના કારના શૉ-રૂમમાં વાહન ખરીદીનો ધસારો યથાવત રહ્યો છે. જૂન માસના આંકડા બતાવે છે કે જૂન માસમાં શહેરના ત્રણેય શૉ-રૂમ મળી ૩૪૦ કાર વેચાઈ છે. એનો અર્થ એ થયો કે સરેરાશ રોજની ૧૦ કાર વેચાય છે. વાહનોના વેચાણમાં અગાઉ જેટલો જ ધંધો થઈ રહ્યો હોવાનું મનાઈ રહ્યું છે.

દારૂ-જુગાર પણ અનલોક

શહેર જિલ્લામાં જુગાર અને દારૂનુ પ્રમાણ કોરોનાના ભય વચ્ચે પણ અટક્યુ નથી. શહેરની આસપાસના ગ્રામીણ વિસ્તારોમાં દારૂના ધીકતા ધંધામાં કોરોનાની મંદી નડતી નથી અને એ જ રીતે શ્રાવણને હજુ વાર હોવા છતાં જુગારના અડ્ડાઓ ધમધમવા માંડ્યા છે.

આજનો 'અર્ક'...

કોઈની આંખોમાંથી ટપકતાં દુઃખના આંસુને હરખમાં આંસુમાં ફેરવી શકો તો સમજવું કે, આ ધરતી પર આપણો ધક્કો વસુલ છે.

ગ્રામ્ય વિસ્તારમાં નવા ૧૮ કેસ

ગાંધીનગરમાં ૬, કલોલમાં ૮, માણસામાં ૨ અને દહેગામમાં ૨ કેસ મળી આવ્યા : ૧૧ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવ્યું

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે કોરોના પોઝીટીવના ૧૮ કેસ મળી આવ્યા છે. જિલ્લાના ચારેય તાલુકામાં કોરોનાના વધી રહેલા કેસોને પગલે તંત્રની દોડધામ વધી જવા પામી છે.

મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર તાલુકામાં ૬, કલોલમાં ૮, માણસામાં ૨ અને દહેગામમાં ૨ કેસ આજે મળી આવ્યા છે.

ગાંધીનગર તાલુકાના સરઢવ, મોટા ચિલોડા, પેથાપુર, કુડાસણ, ખોરજ અને વાવોલમાંથી આ કેસો મળી આવ્યા છે.

સરઢવ ગામેથી આજે ૭૮ વર્ષીય સ્ત્રીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેમને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. સરઢવ ગામેથી કોરોનાનો આ ચોથો કેસ મળતાં ગ્રામજનોમાં પણ હવે ભયની લાગણી ઉભી થવા પામી છે. આ વૃદ્ધા જૈફવયને લઈ ક્યાંય બહાર જતા ન હતા પરંતુ તેઓ કેવી રીતે સંક્રમિત થયા તેને લઈ તંત્ર દ્વારા વિગતો મેળવવામાં આવી રહી છે.

મોટા ચિલોડામાંથી પણ એક ૬૨ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેમને પણ સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. આ મહિલાએ સિવિલ તેમજ ખાનગી હોસ્પિટલોની મુલાકાત લીધી હોવાનું જાણવા મળેલ છે.

ખોરજમાંથી પણ એક ૩૫ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ

● અનુસંધાન પાન-૭ પર

શહેરમાં વધુ ૯ કેસ

શહેરમાં સારવાર દરમિયાન એક દર્દીનું મોત : આજે જીઈબી, સે. ૪-સી, સે. ૫-સી, સે. ૨૯, સે. ૧૦, સે. ૨૪ અને ૨૬ માંથી કેસ મળ્યા

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર શહેરમાંથી આજે વધુ નવ કેસ કોરોનાના પોઝીટીવના મળી આવ્યા છે. આ સાથે શહેરના દર્દીઓની સંખ્યા ૩૦૦ના આંકને પાર કરી ગઈ છે આજે નોંધાયેલા દર્દીઓ સાથે કોવિડ-૧૯ ના કેસોની સંખ્યા ૩૦૬ પર પહોંચી છે.

ગાંધીનગર શહેરમાં સારવાર દરમિયાન એક વ્યક્તીનું મોત નીપજ્યું છે. આ સાથે શહેરમાં કોવિડ-૧૯ ના નોંધાયેલા દર્દીઓમાંથી મૃત્યુ પામનાર દર્દીઓની સંખ્યા ૮ થઈ છે.

મળતી વિગતો પ્રમાણે આજે જે કેસો નોંધાયા છે તેમાં જી.ઈ.બી. કોલોની, પાલજ, સેક્ટર-૫-સી, સે. ૪-સી, સે. ૧૦, સે. ૨૪, સે. ૨૬ અને સે. ૨૯ નો સમાવેશ થાય છે. સે. ૪-સી માંથી આજે વધુ બે કેસ મળી આવ્યા છે.

મળતી વિગતો પ્રમાણે થર્મલ પાવર સ્ટેશન ખાતે આસિસ્ટંટ તરીકે નોકરી કરતા એક ૪૧ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દીને ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. દર્દીના પરિવારની એક વ્યક્તીને તંત્ર દ્વારા હોમ ક્વોરોન્ટાઈન કરવામાં આવી છે.

● અનુસંધાન પાન-૭ પર

જિલ્લા પંચાયતની કારોબારી સમિતિની આજે મહત્વની બેઠક

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર જિલ્લા પંચાયતની કારોબારી સમિતિની આજે મહત્વની બેઠક જિલ્લા પંચાયત ખાતે મળનાર છે.

કારોબારી સમિતિના ચેરમેન અમૃતાબેન ઠાકોરના અધ્યક્ષપદે મળનારી આ બેઠકમાં પંચાયતના હિસાબોનું અવલોકન, સરકારી નિધિની મળવાપાત્ર રકમ અંગેની દરખાસ્ત સહિતના મુદ્દાઓ એજન્ડામાં દર્શાવવામાં આવ્યા છે.

જિલ્લા પંચાયતની ૨૦ મીએ મળનારી સામાન્ય સભા પૂર્વે મળનારી આ કારોબારી સમિતિની બેઠકનું મહત્વ વિશેષ માનવામાં આવી રહ્યું છે. બપોરે બે વાગે આ બેઠક મળવાની છે. તેમાં જિલ્લા પંચાયતના સભ્યો દ્વારા સૂચવવામાં આવેલ વિકાસના કામોની મંજૂરી અને ક્યાં અટક્યા છે તે મુદ્દે પણ ચર્ચાઓ કરવામાં આવશે તેમ મનાઈ રહ્યું છે.

અગાઉ જિલ્લાના ૩ કોંગ્રેસના ધારાસભ્યોએ પણ સ્વભંડોળની ગ્રાન્ટમાંથી સભ્યોના કામ અટકાવવા અંગે કરેલા પરિપત્રને રદ કરવા રજુઆત કરી હતી જે ઉલ્લેખનીય છે.

● અનુસંધાન પાન-૭ પર

ઓનલાઈન જીટીયુની પરીક્ષા ૩૦મીએ

અમદાવાદ,તા.૧૩

જીટીયુ એ પરીક્ષાની તારીખો જાહેર કરી દીધી છે.આ જાહેરાત મુજબ ઓનલાઇન એમ.સી.ક્યુ પરીક્ષા ૧૭ ઓગસ્ટથી શરુ થશે તેમજ સોશિયલ એમ.સી.ક્યુ પરીક્ષા સપ્ટેમ્બરમાં લેવામાં આવશે.વિગતવાર પરીક્ષાનું ટાઈમટેબલ ટુંક સમયમાં જાહેર કરવામાં આવશે.આ પહેલા જીટીયુ દ્વારા રાજ્યભરમાં ડિગ્રી અને ડિપ્લોમા ઈજનેરીના છેલ્લા સેમિસ્ટરમાં ૫૬ હજાર વિદ્યાર્થીઓએ પરીક્ષામાં વ્યક્તિગત હાજર રહીને ૨ જી જુલાઇએ લેવાના હતાં.ગોધરાની ગુરુ ગોવિંદ યુનિ. અને જુનાગઢની ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિ.માં પણ પરીક્ષા લેવાની હતી.એનએસયુઆઇ દ્વારા આ પરીક્ષાનો આરંભ કરાશે.તેમ શિક્ષણ મંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ જાહેરાત કરી હતી.આ જાહેરાતના લગભગ બે કલાક પછી કેન્દ્ર સરકારની ગાઇડલાઇનનો હવાલો આપી પરીક્ષા રદ કરાઇ હતી.

શહેરમાં જોખમી આવાસો ખાલી કરવા માટે તંત્રની રહીશોને નોટીસ

ગાંધીનગર તા ૧૩

શહેરના સેકટરોમાં સ્થિત જુદી જુદી કક્ષાના સરકારી આવાસો પૈકી ઘણાખરા જોખમી હાલતમાં છે. સરકારી આવાસોની હાલત દિનપ્રતિદિન જોખમી બનતી જાય છે. ત્યારે જુના અને જર્જરિત આવાસો તોડવા માટે પણ તબક્કાવાર કામગીરી હાથ ધરવામાં આવે છે. ત્યારે જોખમી આવાસો ખાલી કરાવવા માટે પણ તંત્ર હરકતમાં આવ્યુ છે. સે-૬ માં પણ જ કક્ષાના સરકારી આવાસો ખાલી કરવા માટે તંત્રએ રહીશોનો નોટીસ આપી છે.

સેકટરોમાં જુદી જુદી કક્ષાના અનેકવિધ સરકારી આવસો જોખમી હાલતમાં : અગાઉ પણ તંત્રએ અનેકવાર આવસો ખાલી કરવા માટે સુચના આપી છે છતા જોખમી મકાનોમાં વસવાટ યથાવત : સે-૬ માં જ કક્ષાના આવાસો ખાલી કરવા તંત્રએ નોટીસ આપી

શહેરના સેકટરોમાં સ્થિત જુદી જુદી કક્ષાના સરકારી આવાસો પૈકી મોટાભાગના કંગાળ હાલતમાં છે. રહેણાંકની દ્રષ્ટીએ આ આવાસો ભયજનક હાલતમાં હોવાનુ ધ્યાને આવ્યુ છે. જયારે દોઢ દાયકા પુર્વે પ્રથમ તબક્કામાં જાહેર કરાયેલા નિકાલ હેઠળના આવાસોનો કડુસલો કરી દેવાયા બાદ સેકટરોમાં તબક્કાવાર જોખમી સરકારી આવાસો તોડવા માટે કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. સેકટરોમા સ્થિત વિવિધ કક્ષાના સરકારી આવાસોનો થોડા સમય અગાઉ સર્વે પણ કરવામાં આવ્યો હતો જયારે આ પૈકી ભયજનક આવસોને ખાલી કરાવવા માટે પણ નિર્ણય લેવાયો છે. શહેરમાં નવા આવાસો તૈયાર કરાયા બાદ ટાવર કોલોનીમાં પણ તંત્રના ચોપડે મંડરાયેલી પ્રતિક્ષા યાદીને ધ્યાને લઈ નવા આવાસોની ફાળવણી કરવામાં આવે છે. અત્યાર સુધી શહેરના સે-૭, સે-૨૯ અને સે-૩૦ માં નવા મકાનો બાંધવામાં આવ્યા છે. જયારે સે-૬ માં હાલ નવા મકાનો બાંધવાનુ કામ ચાલી રહ્યુ છે. જયારે હજુ પણ શહેરમાં બી અને સી કક્ષાના નવા આવાસો બાંધવામાં આવશે. થોડા સમય અગાઉ સે-૩૦ ના નવા આવાસોના લોકાર્પણ પ્રસંગે પણ નાયબ મુખ્યમંત્રીએ નવા આવાસો બાંધવા અંગે જાહેરાત કરી હતી. જયારે હાલ જુના અને જર્જરિત મકાનો તોડવા માટે પણ તબક્કાવાર કામ હાથ ધરવામાં આવે છે.

● અનુસંધાન પાન-૭ પર

આજે પ્રભારી મંત્રી કૌશિકભાઈ પટેલની ઉપસ્થિતિમાં

મનપાના ગતિશીલ વહીવટ માટે ચૂંટાયેલી પાંખ અને વહીવટીય પાંખની ખાસ બેઠક

નવા હદ વિસ્તારનો ચાર્જ સંભાળવામાં તેમજ સુયોગ્ય સંકલનનો અભાવ ચર્ચામાં વધારે છવાયેલો રહેશે, સ્થાયી સમિતિમાં કમિશનરની ગેરહાજરી અને ભરતીના નિયમોની ત્રુટીઓ વિશે પણ ચર્ચા થવાની શક્યતાના સંકેતો

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર મહાનગર પાલિકામાં વહીવટીય પાંખ અને ચૂંટાયેલી પાંખ વચ્ચે ઉભી થયેલી ખાઈને પૂરવા માટે આજે પ્રભારી મંત્રી કૌશીકભાઈ પટેલે એક મહત્વની બેઠક સચિવાલય ખાતે બોલાવવામાં આવી છે.

સચિવાલય અને મનપાના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે આ બેઠકમાં કમિશનર ઉપરાંત મેયર, ડે. મેયર અને સ્થાયી સમિતિના ચેરમેનને જ બોલાવવામાં આવ્યા છે.

આ બેઠકમાં શહેરની હદ વધારવાના નિર્ણયના પચ્ચીસ દિવસ બાદ પણ મનપાના તંત્ર દ્વારા ગ્રામ્યવિસ્તારનો ચાર્જ સ્વીકારવામાં ઉદાસીન વલણ, ગ્રામ્ય વિસ્તારોમાં ઉભા થયેલા રોષની લાગણી, પંચાયત વિભાગ સાથે વહીવટીયસ્તરે સુયોગ્ય સંકલનનો અભાવ સહિતના મુદ્દાઓ ચર્ચામાં આવશે તેમ મનાઈ રહ્યું છે.

આ બેઠકમાં ભરતીના નિયમોમાં રહેલી ત્રુટીઓનો મુદ્દો પણ ચર્ચામાં આવે તેવી શક્યતાના નિર્દેશો મળી રહ્યા છે.

વહીવટીય પાંખ અને ચૂંટાયેલી પાંખ વચ્ચે સુયોગ્ય સંકલન સધાય તેમજ કોવિડ-૧૯ ના સંક્રમણને લઈ કમિશનર દ્વારા શહેરમા રાઉન્ડ યોજાય એટલુ જ નહિ આ માટે ચૂંટાયેલી પાંખના સભ્યોને પણ વિશ્વાસમાં લેવાય તે માટે પણ માર્ગદર્શન આપવામાં આવે તેવુ જાણવા મળેલ છે.

ગત સપ્તાહે પ્રભારી મંત્રીની ઉપસ્થિતિમાં જે સંકલન સમિતિની બેઠક મળી હતી તેમાંથી સાર ભાગ લઈ પ્રભારી મંત્રીએ આ બેઠક બોલાવી હોવાનું જાણવા મળેલ છે. આ બેઠકમાં કોવિડ-૧૯ ના સંક્રમણને લઈ ઉભી થયેલી સ્થિતિ, વાહકજન્ય અને પાણીજન્ય રોગચાળા માટે શહેરમાં નવા ઉમેરાયેલા વિસ્તારોની સંવેદનાશીલતા સહિતના મુદ્દાઓ પર વિસ્તૃત ચર્ચા થશે તેમ મનાઈ રહ્યું છે.

આ બેઠકમાં મનપાની ખાલી જગ્યાઓનો મુદ્દો અને તે ભરવા માટેના પ્રયાસોમાં ક્યાં રૂકાવટો છે તે અંગે પણ ચર્ચાઓ કરવામાં આવશે તેમ મનાઈ રહ્યું છે. આ બેઠકમાં સંગઠન પાંખને બાકાત રાખવામાં આવી છે અને ગતિશીલ વહીવટનો અનુભવ સામાન્ય લોકોને થાય તેની અનુભૂતિ થાય તેના પર ભાર મુકવામાં આવશે તેમ મનાઈ રહ્યું છે.

● અનુસંધાન પાન-૭ પર

દુઃખદ સમાચાર

અતિ દુઃખની લાગણી સાથે આપને જાણ કરીએ છીએ કે અમારા નાના ભાઈ તથા મેહુલ, વિશ્વાસના પિતાશ્રી **સ્વ. મહેન્દ્રભાઈ મોતીલાલજી જૈન (ગાંધીનગર)** નું તા. ૧૨-૦૭-૨૦૨૦, રવિવારના રોજ આકસ્મિક નિધન થયેલ છે. સદ્‌ગતના આત્માને જિનેન્દ્ર ભગવાન શાંતિ આપે એ જ અમારી પ્રાર્થના.

શોકાકુળ – ભાઈઓ : ललितभाई, सुरेन्द्रभाई, कांतिभाई, राजेन्द्रभाई, स्व. सनतभाई

પુત્ર : મેહુલ - પિંકી, વિશ્વાસ - પાયલ, તનિષ્કા, ચાહના, હિરક

તથા સમસ્ત પરિવાર

સંપર્ક : ૯૮૭૯૬ ૦૭૪૭૫, ૯૯૦૯૭ ૬૩૩૩૫

નોંધ : વૈશ્વિક મહામારીને ધ્યાનમાં લઈને તથા સરકારશ્રીના નિર્દેશ અનુસાર લૌકિકક્રિયા (બેસણું) રાખેલ નથી, તેમના પ્રત્યેની આપની ભાવભીની શ્રદ્ધાંજલિ આપના યથા સ્થાનેથી અમો સ્વીકાર કરીએ છીએ.

Gujarat State Petronet Limited

Corporate Identity Number : L40200GJ1998SGC035188

Reg. Off.: GSPC Bhavan, Sector-11, Gandhinagar-382010, Gujarat, India. **Tel.:** +91-79-66701001 / 23268500 **Fax:** +91-79-23268506, **Website :** www.gspcgroup.com **E-mail:** investors.gspl@gspc.in

NOTICE

(For the attention of Equity Shareholders of the Company)

Transfer of the Equity Shares of the Company to Investor Education and Protection Fund (IEPF) Authority

This Notice is published pursuant to the provisions of the Investor Education and Protection Fund Authority (Accounting, Audit, Transfer and Refund) Rules, 2016, as amended ("the Rules").

The Rules, amongst other matters, contain provisions for transfer of all Shares in respect of which Dividend has not been paid or claimed by the Shareholders for seven consecutive years or more in the name of Investor Education and Protection Fund (IEPF) Demat Account.

Adhering to the various requirements set out in the Rules, the Company has communicated individually the concerned Shareholders whose Shares are liable to be transferred to IEPF Demat Account in respect of the Dividends declared by the Company for the FY 2012 - 13 for taking appropriate action(s). The list of concerned Shareholders is also available on the Company's website viz. www.gspcgroup.com under Investor Section.

In case the Company does not receive any communication from the concerned Shareholders for claim of Dividend on or before 10th October, 2020, the Company shall, with a view to complying with the requirements set out in the Rules, transfer the Shares to the IEPF Demat Account by the due date as per procedure stipulated in the Rules without any further Notice to the Shareholder. **Please note that no claim shall lie against the Company in respect of unclaimed Dividend amount and/or Shares transferred to IEPF Authority pursuant to the said Rules.**

The concerned Shareholder(s) holding Shares in physical form and whose Shares are liable to be transferred to the IEPF Authority, may note that upon transfer of Shares to IEPF Authority, the original Share Certificate(s) which are registered in their name will stand automatically cancelled and be deemed non-negotiable. In case Shares are held in demat form, to the extent of Shares liable to be transferred, shall be debited from the Shareholders account.

The Shareholders may further note that, both the unclaimed Dividend and the Shares transferred to IEPF, if any, can be claimed back by them from IEPF Authority after following procedure prescribed by the Rules.

In case the Shareholders have any queries on the subject matter and the Rules, they may write to the Company at its **Corporate Office** viz. GSPL Bhavan, E-18 – GIDC Electronic Estate, Nr. K-7 Circle, Sector – 26, Gandhinagar – 382028 Tel.: 079-23268500 Fax No.: 079-23268506 Email : investors.gspl@gspc.in Website: www.gspcgroup.com or the Company's Registrar and Share Transfer Agent at KFin Technologies Private Limited, Selenium Tower B, Plot 31 - 32, Gachibowli, Financial District, Nanakramguda, Hyderabad – 500 032. Tel.: 040-67162222 Fax No.: 040-23001153 Email: einward.ris@kfintech.com Website: www.kfintech.com.

For Gujarat State Petronet Limited
sd/-
Rajeshwari Sharma
Company Secretary

Place : Gandhinagar
Date: 13th July, 2020

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT — Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
Jaquar — experience bathing
DR. FIXIT
TATA — STEEL • PIPES • SHEETS
ET TMT BARS — Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી** : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com